# રાજકોટ મહાનગરપાલિકા

## ટાઉન પ્લાનીંગ શાખા,

મહાનગર સેવા સદન, રૂમ નં. ૮,ત્રીજો માળ,

www.rmc.gov.in "ડો. આંબેડકર ભવન", ઢેબરભાઈ રોડ, રાજકોટ–૩૬૦૦૦૧


રા.મ્યુ.કો./ટી.પી./સે.ઝોન/જા.નં. :- ....૧૧૬૨

તા.૨૧/૦૭/૨૦૨૬

**ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ-૨૬૦ (૨) અન્વયેનો હુકમ તથા નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ અન્વયેનો સ્પીકીંગ ઓર્ડર**

તમો **શ્રી લક્ષ્મણભાઈ જુગલભાઈ બેરા** સરનામુ : **લક્ષ્મી જવેલર્સની પાછળ, સોની બજાર મેઈન રોડને લાગુ, કોઠારિયા નાકા પાસે, રાજકોટ.** વોર્ડ નં.**૦૭** માં આપને જી.પી.એમ.સી.એકટ અન્વયે સે.ઝો/જા નં.૧૪૭, તા:૧૬/૦૯/૨૦૨૬ થી કલમ-૨૬૦(૧) મુજબની નોટીસ પાઠવેલ.

હાલમાં સુપ્રીમકોર્ટની માર્ગદર્શિકા અનુસાર હિયરીંગ કરવા માટે જણાવેલ હોય, જે અન્વયે આપણે તા.૧૬/૦૭/૨૦૨૬ નાં રોજ સાંજે ૦૪.૩૦ કલાકે હિયરીંગ માટે હાજર રહેવા જણાવેલ. જેમાં આપ/આપના પ્રતિનિધિ હાજર રહેલ. જેમાં આપના દ્વારા કોમન ચાલ પર કરાયેલ ગેરકાયદેસર બાંધકામ ન તોડવા મૌખીક રજૂઆત કરવામાં આવેલ તેમજ ઈન.નં.૧૫૩૪, તા.૧૦/૦૭/૨૦૨૬ થી કરેલ લેખિત રજૂઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

**ઉપરોક્ત સ્થળે તમોએ અત્રેથી મંજૂરી મેળવ્યા વીના કોમન ચાલ પર અન-અધિકૃત બાંધકામ કરેલ છે. જે ગેરકાયદેસર છે.**

ઉપરોકત વિગતે સવાલવાળુ બાંધકામ ગેરકાયદેસર હોઈ હું એચ.એમ.સોરઠીયા, ટાઉન પ્લાનર-સેન્ટ્રલ ઝોન (રાજકોટ મહાનગર સેવા સદન) આથી મને ફાળવેલ સત્તાની રૂએ ધી જી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ ની કલમ-૨૬૦(૨) મુજબ સંપૂર્ણ બાંધકામ તોડી પાડવાનો હુકમ કરૂ છુ. આ હુકમનો અમલ કરવા તમો આસામીશ્રી/કબજેદારને દિવસ-૧૫(પંદર) નો સમય આપુ છુ. સમય મર્યાદા વિત્યે સવાલવાળુ બાંધકામ મહાનગરપાલિકા દ્વારા દુર કરવામાં આવશે. સદરહુ મિલકતમાં કોઈપણ આકસ્મિક બનાવ કે અકસ્માત થયે જાનમાલની નુકશાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આપના શિરે રહેશે. જેની ગંભીર નોંધ લેશો.

ટાઉન પ્લાનર
(સેન્ટ્રલ ઝોન)
રાજકોટ મહાનગરપાલિકા

**નકલ જાણ અર્થે સાદર રવાના :-**

૧. કલેકટરશ્રી, રાજકોટ-સુપ્રીમ કોર્ટના હુકમ અન્વયે ઈ-મેઈલ મારફત.
૨. નાયબ કમિશનરશ્રી, સેન્ટ્રલ ઝોન.
૩. ટાઉન પ્લાનિંગ ઓફિસરશ્રી, રા.મ્યુ.કો.

**નોંધ :-**

કમિશ્નરશ્રીએ તેમના હુકમ ક્રમાંક રા.મ્યુ.કો./જી.એ.ડી./પી.ડી./૦૦૪, તારીખ:૦૮/૦૮/૨૦૨૫ થી જી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ ની કલમ-૨૬૦(૨) નીચે હુકમ આપવાના પાવર્સ ટાઉન પ્લાનરને ડેલીગેટ કરેલ છે.